# પરિણીતા, બે સગીર બાળકોના આત્મ હત્યા કેસમાં પતિને ૧૦ વર્ષની કેદ

## સાસરીયાઓના ત્રાસથી બાળકો સાથે રાયપુર કેનાલમાં કુદી આત્મહત્યા કરી હતી

ગાંધીનગર, તા. ૨૭

પરિણીતાને બે સગીર બાળકો સાથે કેનાલમાં પડી આત્મહત્યા કરવા મજબૂર કરનાર તેણીના પતિને ગાંધીનગર કોર્ટે ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર સાબરકાંઠા જિલ્લાના દાદરડા ગામમાં રહેતા વજેસિંહ હરીસિંહ ઝાલાના પુત્રી પ્રકાશબાએ તારીખ ૫ જુલાઈ વર્ષ ૨૦૧૨ના રોજ પોતાના બે સગીર બાળકો સાથે રાયપુર કેનાલમાં આપઘાત કર્યો હતો. મરનાર પરિણીતાને તેણીના પતિ રાજેન્દ્રસિંહ નટવરસિંહ ઝાલા, સાસુ કોદરબા, નણંદ રંજનબેન ઝાલા તેમજ સસરા નટવરસિંહ રતનસિંહ ઝાલા દ્વારા સારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તેણીને મારઝૂડ કરી સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરવામાં આવતી હતી.

આ ત્રાસ સહન ન થતા પરિણીતાએ પોતાના બે બાળકો સાથે કેનાલમાં પડી આપઘાત કરતા ચારેય આરોપીઓ વિરૂદ્ધ ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશનલ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે દહેજની માંગણી માટે સાસરીયાઓના ત્રાસથી કંટાળી તેણીએ બાળકો સાથે આત્મહત્યા કરી છે. માટે આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ ડી.એમ. વ્યાસો આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.



યુનિવર્સિટી કન્વોકેશન હોલમાં જીઆઈએચએડી પ્રોપર્ટી શોનું આયોજન કરાયું હતું.

## નેશનલ ડીઝાસ્ટર ફોર્સની ટીમ પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરીમાં જોતરાઈ

ગાંધીનગર, તા. ૨૭

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ ગંભીર બનતી જાય છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનિક પ્રશાસનની સાથે નેશનલ ડીઝાસ્ટર રેસક્યુ ફોર્સની ટીમ પણ બચાવ અને રાહત કામગીરીમાં જોતરાઈ છે. અત્યાર સુધી રાજ્યના ભરૂચ, વડોદરા, સુરત, નવસારી, જામનગર અને રાજકોટ જિલ્લામાંથી એનડીઆરએફના જવાનોએ ૧૨૮૧ લોકોને બચાવ્યા છે.

## નજીવી બાબતે ઓઢવમાં એકની ઘાતકી હત્યા થઈ

અમદાવાદ,તા. ૨૭

અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં નજીવી બાબતે ઘાતકી હત્યા કરી દેવાનો ચકચારી મામલો સપાટી પર આવ્યો છે. મળેલી માહિતી મુજબ ઓઢવ ફાયરબ્રિગેડ સામે જીઆઈડીસી એલ ટાઈપમાં જી પંપ કંપની નજીક ગઈકાલે મોડી રાત્રે બે લોકો વચ્ચે કંપનીમાં ઓવરટાઈમમાં રોકાવવા તથા નાસ્તો લાવવા બાબતે ઝઘડો થયો હતો આ ગાળા દરમિયાન જ કૃષ્ણનગર નરોડા ખાતે રહેતા શખ્સ પ્રકાશભાઈએ તેની પાસે રહેલા ચપ્પાથી ઓઢવ નજીક મહેશ્વરી સોસાયટી, તક્ષશિલા રોડ ખાતે રહેતા અન્ય યુવાન પર હુમલો કરી દીધો હતો. પ્રકાશ નામના શખ્સે સિલ્વાન્સભાઈને ચપ્પાના ઘા ઝીંકીને ગંભીર ઈજા પહોંચાડી હતી જેમાં સિલ્વાન્સભાઈનું મોત થયુ હતુ.



ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાલનપુરના ચેરમેન વિરજીભાઈ ડી. જુડાલ અને સાંસદ સભ્ય અલકાબેન ક્ષત્રિય માર્કેટયાર્ડના ડીરેક્ટર શામળભાઈ પટેલ, બનાસકાંઠા કિસાન સ્પે. ઢેઈનની દિલ્હી મુલાકાત સમયે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનીયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની શુભેચ્છા મુલાકાત લઈ મોમેન્ટો આપી ખેડૂતોના પ્રશ્નો અંગે ચર્ચા કરી તે સમયની તસવીર દૃશ્યમાન થાય છે. (તસવીર : હરેશ જી. જોષી)

# મતદારની યાદીમાં નામ દાખલ કરવા જરૂરી ફોર્મ ભરવું પડશે

## દસ્તાવેજોની ચકાસણી બાદ નામ દાખલ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૭

રાજ્યના મુખ્ય નિર્વાચિત અધિકારી અનિતા કરવાલે આજે જણાવ્યુ હતુકે મતદાર યાદીમાં નામ દાખલ કરવા જરૂરી ફોર્મ ભરવું પડશે. દસ્તાવેજોની ચકાસણી બાદ જ નામ દાખલ કરવામાં આવશે. વિદેશમાં વસતા મતદારોના સંદર્ભમાં સૂચના જારી કરવામાં આવી છે.

ભારતીય નાગરીક કે જે વિદેશ હોય જેથી ભારતમાં પોતાના સામાન્ય રહેઠાણના સ્થળે ગેરહાજર હોય અને અન્ય દેશનું નાગરીકત્વ મેળવ્યું ન હોય અને જેનું નામ મતદારયાદીમાં નોંધાયેલું ન હોય તે વ્યક્તિ તેના પાસપોર્ટમાં દર્શાવેલા રહેણાંકનું સ્થળ જે મતવિસ્તારમાં સમાવિષ્ટ હોય તે મતદારયાદીમાં નામ નોંધવવા હકકદાર બને છે તેમ રાજ્યના મુખ્ય નિર્વાચત અધિકારી અનિતા કરવલ જણાવ્યું છે.

તેઓ વધુમાં જણાવે છે કે આવી વ્યક્તિનું નામ મતદારયાદીમાં દાખલ કરાવવા નિયત નમુના નં. ૬-એ માં અરજી રજુ કરવા રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા આમંત્રિત કરવામાં આવે છે. આ હેતુ માટે નમુના નં-૬-એ તથા અરજદાર માટેની માર્ગદર્શક સુચનાઓ સાથેનું નિયત અરજીપત્રક વિદેશમાં ભારતના દુતાવાસ મુખ્ય નિર્વાચન અધિકારી મતદાર નોંધણી અધિકારીઓ બુથ લેવલ અધિકારીઓ અને ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ http://eci.nic.in અને મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://www.ecogujarat.gov.in પર ઉપલબ્ધ છે. નમુના ૬-એ ની દાવા અરજી સંબંધીત વિધાનસભા મતવિસ્તારના મતદાર નોંધણી અધિકારી સમક્ષ રૂબરૂમાં અથવા સંબંધીત મતદાર નોંધણી અધિકારીને નમુના ૬-એ માં જણાવેલી વિગતો તથા સૂચનાઓ અનુસારના આધારોની નકલ સાથે ટપાલ મારફત પણ રજુ કરી શકાય છે.

જો રૂબરૂમાં મતદાર નોંધણી અધિકારી સમક્ષ અરજી કરવામાં આવે ત્યારે ખરાઈ માટે અસલ પાસપોર્ટ રજુ કરવાનો રહેશે. જ્યારે દાવા અરજી ટપાલ મારફત પાઠવવામાં આવે ત્યારે તેની સાથે પાસપોર્ટના સંબંધીત પાનાઓની સ્વયં પ્રમાણિત ફોટોકોપી પણ બીડવાની રહે છે. ટપાલ દ્વારા મળેલ નમુના ૬-એની અરજીઓ તથા તેની સાથેના સ્વયં પ્રમાણિત પુરાવાની નકલોની બુથ લેવલ અધિકારીઓ (બીએલઓ) મારફત ખરાઈ કરવામાં આવશે. આ હેતુ માટે બીએલઓ અરજદાર દ્વારા પાસપોર્ટ દર્શાવેલ ઘરના સરનામે તેની મુલાકાત લેશે અને અરજદારના જો કોઈ સંબંધીત હોય તો તેમને સ્વયં પ્રમાણિત નકલોની ખાતરી અંગે પૃચ્છા કરશે અને તે અંગેનું એકરારનામું આપવા જણાશે.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા પહેલા નોરતે ગરબા સ્પર્ધા યોજાશે


ગાંધીનગર, તા. ૨૭

જ્યોતિ મહિલા મંડળ દ્વારા દર વર્ષે ઉજવાતા નવરાત્રિના પ્રથમ દિવસે ગરબા સ્પર્ધાનું આયોજન કરેલ છે. પાંચ વર્ષથી મોટી ઉંમરની દરેક બહેનો સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

૫ થી ૧૦ વર્ષ, ૧૧થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૫ વર્ષ, ૨૬થી ૩૫ વર્ષ, ૩૬ થી ૪૫ વર્ષ, ૪૬થી ૬૦ વર્ષ, ૬૦ વર્ષથી ઉપરની બહેનોના વય જૂથ પ્રમાણે ગરબા સ્પર્ધા થશે. જે તે વયજૂથમાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ સાબેરાબેન ફોન નં. ૨૩૨ ૨૦૨૦૧નો સંપર્ક કરવો. સ્પર્ધા તા. ૫મી ઑક્ટોબરના રોજ બપોરે ૧.૦૦ કલાકે ઉમાબા નાથીબા કોલેજ કડી કેમ્પસના હોલ ખાતે સેકટર-૨૩ ખાતે યોજાશે.

હોલમાં પણ સ્પર્ધા માટેના પાસ મળી શખશે. પરંપરાગત વસ્ત્ર પરિધાન ફરજીયાત રહેશે. ગરબા સ્પર્ધા જોવા માટે જ્યોતિ મહિલા મંડળ પ્રમુખ લત્તાબેન ચોકસી, ચેતનાબેન બુચ, સ્વાતિબેન રાઓલ, તથા સમસ્ત જ્યોતિ મહિલા મંડળની બહેનોને હાજર રહેવા મંડળના પ્રમુખ દ્વારા જણાવવામાં આવેલ છે.

## શબ્દાવલી - ૫૧૮૯



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. ચિંતા, ફિકર (૩) | ૧. ભય, બીક (૪) |
| ૪. આરાધ્ય દેવને કરાતી પ્રાર્થના (૪) | ૪. કરમીયા, કૃમી (૩) |
| ૭. ઓલિયો, ભલૂ કરનાર (૩) | ૩. રાહ, પંથ (૨) |
| ૮. નથડી, ચુની (૨) | ૫. માલ-મિલ્કત (૨) |
| ૯. ગરમ વસ્તુ શરીર પર ચાંપી દે તેને... આપ્યો કહેવાય (૨) | ૬. અંકુશમાં લાવવું (૩) |
| ૧૦. ફિટકાર (૩) | ૧૦. ધૈર્યતા (૩) |
| ૧૨. બહાદુર (૨) | ૧૧. ગતિ (૪) |
| ૧૩. ફરજ જવાબદારી (૨) | ૧૨. ઉજ્જડ, વેરાન (૩) |
| ૧૪. અવ્યવસ્થા, અંધાધૂંધી (૫) | ૧૪. જૈનોનું દેરાસર (૪) |
| ૧૭. મહાચાલક, ચતુર (૩) | ૧૫. ડગલુ, પગ (૩) |
| ૧૮. દ્વાર, બારણુ (૪) | ૧૬. જોડ સરસ ના હોય તેવું (૩) |
| ૨૦. ગરબા... (૨) | ૧૭. દાન-ધર્મ (૩) |
| ૨૧. મડદુ (૨) | ૧૯. ભગવાનનો એક અવતાર, ઠીંગુજી (૩) |
| ૨૨. એકદમ તાજુ ફ્રેશ (૪) | ૨૧. મોજ, ખુશી (૨) |
| ૨૩. રંગ (૨) | |

### શબ્દાવલી ૫૧૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) રિદ્ધુ (૨) પાયા (૪) ચણ (૫) ગણીકા (૬) રીંગણ (૭) પાતરા (૯) વેફર (૧૨) રોગ (૧૩) શરાફત (૧૫) દન (૧૭) કદ (૧૯) કિરણ (૨૦) પારાવાર (૨૨) રોમ (૨૩) પિલોર

**ઊભી ચાવી :-** (૧) રીપેરીંગ (૫) પાણી (૩) પાકા (૪) ચબુતરો (૫) ગણવેશ (૮) રાગડો (૧૦) ફરાર (૧૧) રફ (૧૪) તકરાર (૧૫) દેકિરો (૧૬) નરમ (૧૮) દવા (૨૦) પાલો (૨૧) રજા

## કંપની સમાચાર

### વિશ્વ હૃદય દિવસ ૨૦૧૩ : અમદાવાદ મેડિકલ એસોસિયેશન યોજે છે "માય અમદાવાદ...હેલ્ધી અમદાવાદ" કેમ્પેઈન અને હેલ્થ અવેરનેસ રેલી વિશ્વ આરોગ્ય દિવસ - ૨૯ સપ્ટેમ્બર, રવિવારે

બિનઆરોગ્યપ્રદ જીવનશૈલીને કારણે મેદસ્વિતા, ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને હાઈ કોલેસ્ટેરોલ થાય છે. આ બધી આરોગ્યલક્ષી બીમારીનું સમયસર નિદાન ન કરાવવું અને આવી બીમારી ન થાય તે માટે જરૂરી માહિતીનો અભાવ એ હૃદયરોગ, સ્ટ્રોક અને કિડની ફેઈલ્યોરના વધતા જતા બનાવના મુખ્ય કારણો છે.અમદાવાદના નાગરિકોને આવા રોગોથી બચાવવા અને આરોગ્ય અંગે મોટાપાયે જાગૃતિ લાવવાના હેતુથી અમદાવાદ મેડિકલ એસોસિયેશન અને અન્ય ચાર મેડિકલ સંગઠનોએ હાથ મિલાવ્યા છે અને વિશ્વ આરોગ્ય દિવસ-૨૯ સપ્ટેમ્બરને રવિવારે "માય અમદાવાદ... હેલ્ધી અમદાવાદ" કેમ્પેઈન અને હેલ્થ અવેરનેસ રેલીનું આયોજન કર્યું છે.

હૃદયરોગના દર્દીઓ, તેમના પરિવાર, સમાજ અને સરકારને સીવીડી (કાર્ડિયો વસ્ક્યુલર ડીઝીઝ) અંગે જાગૃતિ લાવવા અને આ બીમારી સામે લડવા તથા દર વર્ષે થતા ૧.૭૩ કરોડ મૃત્યુ અટકાવવા માટે જાગૃતિ લાવવા અને પ્રોત્સાહન આપવામાં વર્લ્ડ હાર્ટ ડે અર્થાત વિશ્વ હૃદય દિવસ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં સીવીડીને કારણે થતાં મૃત્યુની સંખ્યામાં ૨૫ ટકાનો ઘટાડો કરવાનો લક્ષ્યાંક છે. આપણે જાણીએ છીએ કે સીવીડી એ કોઈપણ ઉંમરના અને કોઈપણ વર્ગના લોકોને અને મહિલાઓ તથા બાળકોને પણ અસર કરી શકે છે.હૃદયરોગ અને સ્ટ્રોક અટકાવવા તથા લોકોને તેના જોખમી પરિબળોથી બચાવવા માટે તેમને જીવનના શરૂઆતના તબક્કાથી લઈને અંતિમ તબક્કા સુધી દરેક સ્તર પર પ્રયાસ જરૂરી છે. ૨૯ સપ્ટેમ્બરે ઉજવવામાં આવનારો વિશ્વ હૃદય દિવસ દરેક વ્યક્તિ અને પરિવારને તંદુરસ્ત હૃદય માટે પ્રોત્સાહન આપવાનો આપણને અવસર પૂરો પાડે છે. વર્લ્ડ હાર્ટ ફેડરેશનની આ વર્ષની એ જ તો થીમ છે - ટુ ટેક ધ રોડ ટુ એ હેધી હાર્ટ વિશ્વ હૃદય દિવસ નિમિત્તે ૨૯મીને રવિવારે સવારે ૭થી ૯ હેલ્થ અવેરનેસ રેલી યોજોલ છે.

# ભારે વરસાદથી ૧.૧૦ લાખ લોકોનું કામચલાઉ સ્થળાંતર

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અતિવૃષ્ટિ અને પૂરથી સર્જાયેલી કુદરતી આપત્તિની પરિસ્થિતિ અને વહીવટીતંત્રોએ લીધેલા બચાવ-રાહતના પગલાની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. વાયુમંડળમાં સર્જાયેલા અણધાર્યા દબાણના પરિણામે ગુજરાતમાં અતિવૃષ્ટિની વ્યાપક આફતનો ભોગ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, પૂર્વ-મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ ભન્યા હોવા છતાં રાજ્ય સરકારે આપત્તિ વ્યવસ્થાપનની દાખવેલી સજ્જતા અને જિલ્લા વહીવટીતંત્રોની પ્રો-એક્ટીવ મસયસુચકતાથી અને તત્કાલ બચાવ રાહતના સર્વવ્યાપક પગલાં લેવાના કારણે જાનહાની અને માલ-મિલકતની તારાજીમાંથી ગુજરાત હેમખેમ ઉગરી ગયું છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ઉચ્ચકક્ષાની આ સમીક્ષા બેઠકમાં મહેસુલમંત્રી આનંદીબેન પટેલ અને ઉર્જામંત્રી સૌરભ પટેલ, મુખ્ય સચિવ ડો. વરેશ સિન્હા અને સંબંધકર્તા તમામ વિભાગોના વરિષ્ટ સચિવે તા. ૨૧મી સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં અતિવૃષ્ટિ અને નદીઓના પૂરથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં આપત્તિ ગ્રસ્તોની વહારે સમયસર પહોંચી ગયેલા જિલ્લા વહીવટીતંત્રએ આપત્તિ વ્યવસ્થાપન માટે રાખેલી સજ્જતાથી જે તત્કાલ બચાવ રાહતના પગલા લીધા છે તેની ભૂમિકા આપી હતી. ગુજરાતમાં અતિવૃષ્ટિની સંભવિતતા વિશે જાણકારી મળતાં જ રાજ્યના મંત્રીઓના આપત્તિ વ્યવસ્થાપન અંગેના કાર્યકારી જૂથે પરિસ્થિતિને પહોંચી વળવાના જિલ્લાતંત્રોને તાકીદના યોગ્ય નિર્ણયો લઈને આદેશો અને માર્ગદર્શક સુચનાઓ આપી હતી અને મુખ્ય સચિવે પ્રભારી સચિવો અને જિલ્લા કલેક્ટરો સહિત આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં તત્કાલ રાહતના પગલા માટે સાબુદ કરી દીધું હતું. રાજ્ય સરકારની આ સમયસુચકતાના કારણે વ્યાપક અને અણધારી આફત છતાં ગુજરાત તારાજીમાંથી હેમખેમ ઉગરી ગયું છે. મુખ્યમંત્રીએ કુદરતી આપત્તિઓ સામે રાજ્ય સરકારની તત્કાલ બચાવ રાહતની અસરકારક કામગીરી સાથે ભવિષ્યમાં લાંબાગાળાની વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપ્યુંહતું. નિર્દોષ કર્યો હતો કે ગુજરાતમાં આપત્તિવ્યવસ્થાપન માટે લોકશક્તિને સક્રિય અને પ્રશિક્ષિત, પ્રેરિત કરવા સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. રાહત કમિશનર પી.કે. પરમારે જણાવ્યું કે તત્કાલ બચાવ અને રાહતના પગલાઓને કારણે જાનહાની રોકી શકાઈ છે અને ૧.૧૦ લાખ લોકોનું કામચલાઉ સ્થળાંતર કર્યું છે. રાહત છાવણીઓમાં જનશક્તિએ પણ માનવતાનો સાદ ઝીલીને જિલ્લાતંત્રના કામોમાં પ્રેરક સમર્થન આપ્યું છે. આરોગ્ય વિભાગની ૪૭૮ કરતા વધારે મેડીકલ ટીમો કાર્યરત છે. વીજ પૂરવઠો પુનઃપ્રસ્થાપિત થયેલો છે અને માત્ર ૧૦૬ માર્ગોમાં કામચલાઉ ટ્રાફીક રોકવામાં આવ્યો છે જે પૂર્વવત્ થઈ જશે.

### જથ્થામાં વધારો કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે પીવાના પાણીના ક્ષેત્ર સહિત તમામ ક્ષેત્રોમાં પાણીના ઉપયોગથી કાર્યક્ષમતા સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવુ જ રહ્યુ કારણ ભારત બહુ ઝડપથી એક પાણીની તકલીફવાળો દેશ બની રહ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઘણી પાણી પુરવઠાની યોજનાઓ કરવામાં આવી હોવા છતાં આવી શરૂ કરાયેલી યોજનાઓ ફરી બિનકાર્યરત સ્થિતિમાં ના પહોંચી તે થાય તે સુનિશ્ચિત કરવુ પડશે. ઘણી વખત ઉપીયોગમાં લેવાયેલ ટેકનોલોજીની અયોગ્યતા, પાણી પુરવઠા યોજનાઓની નબળી કામગીરી અને નિભાવણી તેમજ પરવડી શકે તેવા ભરોસાપાત્ર વીજપુરવઠાના અભાવને કારણે આ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

આ પરિષદમાં ગુજરાત સરકારના અગ્ર સચિવ રાજીવ ગુપ્તાએ પાણી પુરવઠાના સંચાલન ક્ષેત્રે લોકભાગીદારીનો અભિગમ સમજાવતાં કહ્યુ હતુ કે અમે ગામેગામ પાણી સમિતિ બનાવી છે. તેમણે કહ્યુ કે રાજ્ય સરકારે જળસંચય પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ૭ હજારથી વધુ ગામોમાં પાણી સમિતિ કાર્યરત છે. જે પેયજળ ગુણવત્તાસભર પુરૂ પાડી રહેલ છે.

કેન્દ્રના શ્રી પંકજ જૈને પાણીના શુદ્ધિકરણમાં નેનો ટેકનોલોજી તેમજ સોલાર ઊર્જાના ઉપીયોગ પર પણ ભાર મુક્યો હતો.

### રોગચાળાની દહેશત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટયા છે પણ ડેનગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે જે તંત્ર માટે વધુ ચિંતાજનક બનેલ છે. ડેનગ્યુમાં એક મહિલા દર્દીનું મૃત્યુ થયું છે.

આ વખતે ગાંધીનગર જિલ્લાની આસપાસના જિલ્લાના સરહદી વિસ્તારોમાં જે રીતે વાહકજન્ય રોગચાળાના કેસો મળ્યા છે તેને લઈ તંત્રએ આ વરસાદ પછી વધુ ચોંકન્ના બની કામગીરી કરવી પડશે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગરના એક અગત્યના જાહેર સ્થળેથી તાજેતરમાં મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ તાબડતોબ પગલાં લેવા માટે પણ સંબંધિતોને કડક તાકીદ કરી હતી.

બીજી તરફ ટાઈફોઈડ અને કમળાના કેસો જે છુટા છવાયા બની રહ્યા છે. તેને ધ્યાને રાખી તંત્ર એ તમામ ગ્રામ્ય વિસ્તારના સરપંચોને પત્ર પાઠવી અને પાણીનું નિયમિત કલોરીનેશન થાય તે માટે તાકીદ કરી છે. આ ઉપરાંત તબીબી અધિકારીઓને પણ કલોરીનેશન માટે રેસીડયુઅલ ટેસ્ટ વધુ ને વધુ કરી પરિસ્થિતિ પર ચાંપતી નજર રખવા જણાવ્યું છે.

જિલ્લાના તમામ દવાખાનાઓમાં જરુરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે કે નહિ તે અંગેનો રિપોર્ટસ પણ માંગવામાં આવ્યા છે. આ ઉપરાંત મેલેરિયાના લારવા શોધવાની સ્પર્ધા યોજી બાળકો દ્વારા જનજાગૃતિ અભિયાન પણ છેડવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા આગામી સપ્તાહના આરંભમાં સંભવિત રોગચાળાની સ્થિતિને પહોંચી વળવાની કાર્યયોજનાને આખરી કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ હાલ શહેરમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયા તેમજ વાઈરલના કેસો વધુ નોંધાઈ રહ્યા છે. શહેરમાં જે રોગચાળાની સ્થિતિ છે તેને આધાર બનાવી તંત્ર આગળ વધી રહ્યાનું પણ જાણવા મળેલ છે.

### ૧૧ લાખ રળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષીને તબક્કાવાર જરુરી સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. એસ.ટી.ડેપોને મોડેલ ડેપો બનાવવાના પ્રયાસ શરુ કરી દેવાયા છે. જયારે આ અન્વયે ગાંધીનગર ડેપો સંકુલમાં મુસાફરલક્ષી સુવિધાઓને અનુલક્ષી નવી બસો ફાળવવામાં આવી છે. મુસાફરો માટે એલ.સી.ડી. સ્ક્રીન મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપો સંકુલમાં સી.સી. ટીવી કેમેરા લગાવી દેવાયા છે. રૂટીન બસ સેવા ઉપરાંત એસ.ટી. નિગમ દ્વારા સરકારી કાર્યક્રમો, લગ્નવર્ધી તેમજ ધાર્મિક સમારંભો અન્વયે પણ એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવે છે. ચાલુ મહિનામાં અંબાજી ભાદરવી પૂનમના મેળામાં પણ વિવિધ ડેપો કક્ષાએથી બસો ફાળવવામાં આવી હતી જેને લઈ અમદાવાદ ડીવીઝનલ કચેરીની કુલ-૮ ડેપોની ૨૫૦ બસોનું અંબાજી રૂટ માટે સંચાલન કરવામાં આવ્યું હતું. ૬ દિવસની આ રૂટ સેવા અન્વયે વિવિધ ડેપોને કુલ ૮૧ લાખની આવક થઈ છે જયારે ગાંધીનગર ડેપોને પણ અંદાજીત રૂ. ૧૧ લાખની આવક થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. અંબાજી મેળા દરમિયાન ડેપો કક્ષાએથી પણ રોજ વધારાની ૫ બસો દોડાવવામાં આવી હતી.

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.